


અલ્યા ભાણજીભાઈ, મને તો ગાંધીનગર આવતાં બીક લાગે છે. ગાંધીનગર બોલાવીને આપણો વિકાસ કરવાના નામે આપણાં ચોરણા-પાઘડીની જગ્યાએ સૂટ-બૂટ તો નહીં પહેરાવે ને !!

# જે. એમ. ચૌધરી હાઈસ્કૂલની પૂર્વી બારોટ વક્તૃત્વમાં પ્રથમ

ગાંધીનગર, તા.૩

આધારશિલા હાઈસ્કુલ વલાદ ખાતે જિલ્લા શિક્ષણ માહિતી અને રોજગાર કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી નિમિતે વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એનો વિષય સ્વામી વિવેકાનંદ અને યુવા શક્તિ.

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક હાઈસ્કુલની કુ. પૂર્વી દિનેશભાઈ બારોટ પ્રથમ નંબરે વિજેતા થયેલ હતી. જેને શિલ્ડ તથા પ્રમાણપત્ર મળેલ છે. સુધાબેન પટેલ તથા અરૂણાબેન ચૌધરીએ માર્ગદર્શન આપેલ હતું. આચાર્યા પ્રવિણાબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ હતા.

# નેશનલ સાયન્સ સેમિનારમાં માઉન્ટ કાર્મેલ શાળા ઝળકી

ગાંધીનગર, તા.૩

ભારત સરકાર મહાન ગણિતજ્ઞ શ્રી નિવાસન રામાનુજના જન્મના ૧૨૫ વર્ષનિમિત્તે વર્ષ ૨૦૧૨-૧૩ને રાષ્ટ્રિય ગણિત વર્ષ તરીકે ઉજવી રહી છે ત્યારે નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર આયોજીત નેશનલ સાયન્સ સેમિનારમાં માઉન્ટ કાર્મેલ શાળાના યોગેશ થારાનીએ 'મેથેમેટીકસ ઈન ઈન્ડિયા-પાસ્ટ, પ્રેઝન્ટ એન્ડ ફ્યૂચર' વિષય પર સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

ગણિત શિક્ષક રેખા દીગડેના માર્ગદર્શન હેઠળ યોગેશ થારાનીએ ગણિત વિષય પર સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેને નેશનલ સાયન્સ સેમિનારની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મળ્યો હતો.

જે હવે પછી રાજયકક્ષાના નેશનલ સાયન્સ સેમિનારમાં ભાગ લેવા જશે. શાળાના આચાર્ય સિસ્ટર રેનુકા તથા સમગ્ર શાળા પરિવારે શિક્ષક રેખાબેન અને વિજેતા વિદ્યાર્થી યોગેશને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

### ગુજરાત વિધાનસભા ખાતે તા. ૫મી સપ્ટેમ્બરે ડૉ. રાધાકૃષ્ણનના તૈલચિત્રને પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર: સોમવાર: તા. ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુજરાત વિધાનસભાના પોડિયમમાં મુકવામાં આવેલા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના તૈલચિત્ર સમક્ષ તેઓના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવનાર છે.

ડૉ. રાધાકૃષ્ણનના તૈલચિત્ર સમક્ષ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ સવારે ૧૧.૦૦ કલાકે પુષ્પાંજલિ અર્પણ કરશે તેમ ગુજરાત વિધાનસભા, સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

## રોશની અને રિધ્ધિએ સીએની ડિગ્રી મેળવી સમગ્ર ખડાયતા સમાજનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૩

વેજલપુર એકડા વિશા ખડાયતા ગાંધીનગર નિવાસી શ્રીમતી વંદિતાબેન દિપકકુમાર કનૈયાલાલ શાહની સુપુત્રી ચિ. રોશની તથા વટવા એકડાના શ્રીમતી ઉર્વશીબેન સંજયભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી ચિ. રિધ્ધિએ મે-૨૦૧૨માં સી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત તેઓને અભિનંદન પાઠવે છે. સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

## વહાણવટી વિદ્યાલયનું ગૌરવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આવેલી વહાણવટી વિદ્યાલયની કૈલાશબેન ડામોરે તાજેતરમાં તાલુકા કક્ષાના રમતોત્સવમાં સુંદર દેખાવ કરી શાળાનું નામ રોશન કર્યું હતું.

શાળાની વિદ્યાર્થીની કૈલાશબેન ડામોરે તાજેતરમાં તાલુકા કક્ષાની બરછી ફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અને ચક્રફેંક સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાની વિદ્યાર્થીનીની સિદ્ધિ બદલ શાળા પરિવારે તેણીને અભિનંદન પાઠવ્યા હતા.

## સિદ્ધાર્થ લો કોલેજમાં છઠ્ઠીએ આંતરિક પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા.૩

સિદ્ધાર્થ લો કોલેજ ગાંધીનગર દ્વારા આચાર્ય ડૉ. દિલીપ મેવાડા જણાવે છે કે વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રથમ વર્ષ એલ.એલ.બી.માં પ્રવેશ લીધેલ છે. તેવા વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય સત્રની આંતરિક પરીક્ષાના ગુણમાં નાપાસ જાહેર થયેલ છે. અને યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીએ તા. ૬ સપ્ટેમ્બરે આંતરિક પરીક્ષા શરૂ થશે. આ પરીક્ષા આપવી ફરજીયાત છે. આચાર્ય દિલીપભાઈ મેવાડાએ જણાવેલ છે.

# જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં પેથાપુર સ્પોર્ટ્સ એકેડેમી ઝળકી



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ફેન્સીંગ એસોસીએશન દ્વારા જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજઈ હતી. જેમાં પેથાપુર સ્પોર્ટસ એકેડમીએ એક સિલ્વર મેડલ અને ૯ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ઠ દેખાવ કરેલ છે. વિજેતા સિલ્વર મેડલ ઠાકોર આકાશ બકાજી તથા બ્રોન્ઝ મેડલ અક્ષય કે. ચાવડા, દક્ષા જે. ખેર, અનિરૂદ્ધ આર. ડાભી, દિપ વિજય બિહોલા, કુલદિપ સી. ચાવડા, વનરાજ બિહોલા, કિરણ વભાગ લીધો હતો.

ફેન્સીંગ કોચ ભૂપતજી ઠાકોરે માર્ગદર્શન આપ્યું હતું. ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં સંત કુંજેશકુમારનું પ્રેરક પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૩

વૈષ્ણવ સંપ્રદાયના વિદ્વાન અને પરમ આદરણીય પૂ. કુંજેશ બાવાજીએ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની તાજેતરમાં મુલાકાત લીધી હતી અને પ્રેરક પ્રવચન સાથે સંસ્થાના સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના આચાર્ય પ્રદીપ ગગલાણીના આમંત્રણને માન આપી પૂ. કુંજેશ બાવાજીએ આઈ.ક્યુ., ઈ.ક્યુ. અને એસ.ક્યુ. ઉપર મનનીય પ્રવચન આપી વિદ્યાર્થીઓને જીવનોપદેશ આપ્યો હતો. વૈષ્ણવ સંપ્રદાયના યુવાન, ઉત્સાહી અને વિદ્વાન સંતે એજ્યુકેશનની સાથે સાથે એજ્યુકેટેડ પણ બનીએ તેવી કિમતી વાત સુંદર દૃષ્ટાંતો દ્વારા રજૂ કરી વિદ્યાર્થીઓને ચારિત્ર્ય ઘડતરની શીખ આપી હતી. આચાર્ય પ્રદીપ ગગલાણી, સંસ્થાના ઉપાધ્યાક્ષા હીનાબેન ગગલાણીએ સંતનું પુષ્પહારથી સ્વાગત કરી આશીર્વાદ મેળવ્યા હતા. બાળકોએ ગુલાબની પાંખડીઓ વેરી સંતશ્રીનું સ્વાગત કર્યું હતું. વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આખોય કાર્યક્રમ એક ઉત્સવ બની રહ્યો હતો.

# તરણેતરના લોકમેળામાં ગ્રામીણ ઑલિમ્પિક યોજાશે

ગાંધીનગર: સોમવાર: સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧૮ થી ૨૦મી સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહેલાં તરણેતરના લોકમેળામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા નવમા ગ્રામીણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.


ગ્રામીણ ઓલમ્પિકસમાં ભાઈઓ માટે ટૂંકી દોડ, લાંબીદોડ, ઉંચી કૂદ, લાંબી કૂદ, ગોળાફેંક, નારીયેળ ફેંક, કુસ્તી, વોલીબોલ, ગેડીદડો, લંગડી, કબડ્ડી, રસ્સાખેંચ, લાકડી ફેરવવી, સ્ટ્રોન્ગેસ્ટમેન, ખાંડના લાડવા ખાવાની હરિફાઇ, અશ્વદોડ, બળદગાડા દોડ, અશ્વ શણગાર હરિફાઇ તથા બહેનો માટે ટૂંકીદોડ, લાંબી દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, વોલીબોલ, કબડ્ડી, લંગડી, માટલાફોડ જેવી પરંપરાગત રમતો યોજાશે.

આ અંગેના અરજીપત્રકો દરેક જિલ્લાના સિનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા રમતગમત અધિકારીની કચેરીએથી મળી શકશે. ઈચ્છુક રમતવીરોએ તેમની એન્ટ્રીઓ સહાયક નિયામક યોજના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, બ્લોક નં. ૧૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને તા. ૧૫-૯-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# સામર્થ્ય અને શક્તિ



આ મહાન સત્ય યાદ રાખો : શક્તિ એ જ જીવન છે, નિર્બળતા એ મૃત્યુ છે. શક્તિ એ પરમ આનંદરૂપ છે, શાશ્વત અને અમર છે, નિર્બળતા સતત તાણ અને યાતના છે; મૃત્યુ છે. એટલા માટે દરેક વ્યક્તિએ શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક - આ ચારે શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કરવો જોઈએ. આમ કરવાથી સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ થશે અને જો આમ કરી શકીએ તો રાષ્ટ્રની વર્તમાન સમસ્યાઓ - ગરીબી, ભ્રષ્ટાચાર, વ્યાભિચાર, ભૂખમરો વગેરે દૂર થઈ જશે. માણસોને બાળપણથી જ શીખવવામાં આવે છે કે તમે નબળા અને પાપી છો. દેખાવમાં નબળામાં નબળા હોય તેને પણ એમ કહો કે તમે બધા મહિમાવંત ઈશ્વરના સંતાનો છો. બચપણથી જ રચનાત્મક, મક્કમ અને સહાયક વિચારો તેમના મગજમાં દાખલ થવા દો, તમે તમારી જાતને કહ્યા કરો : 'સોહમ સોહમ... હું તે છું, હું તે છું.' રાત-દિવસ આ જ વિચાર તમારા મનમાં ગૂંજવા દો; સત્ય તે છે કે જગતનું અનંત બળ તમારું છે.

તમે કહો કે હું બધ્ધ છું, હું નિરાધાર છું ટલે તમે તેવા જ થશો અને રહેશો. આવું નકારાત્મક વલણ સહાયક નહીં પણ બાધક છે. માટે નકારાત્મક વિચારોનો ત્યાગ કરો. વેદાંત કહે છે કે દુખનું એકમાત્ર કારણ નિર્બળતા છે. આપણે ખોટું બોલીએ છીએ, ચોરી કરીએ છીએ, ખૂન કરીએ છીએ, બીજા પણ ગુના કરીએ છીએ. કારણ આપણે નિર્બળ છીએ. જ્યાં આપણને નિર્બળ બનાવે એવું કંઈ જ ન હોય ત્યાં મૃત્યુ કે શોક હોય જ નહીં. આપણે નિર્બળ છીએ તેવા ભ્રમને કારણે દુખી છીએ. આ ભ્રમને છોડવાની જરૂર છે.

શારીરિક માનસિક કે આધ્યાત્મિક શિક્ષણ લેતા તમામ સ્ત્રી-પુરુષોને, બાળકોને સ્વામીજી પૂછે છે : 'તમે બળવાન છો ? તમે શક્તિનો અનુભવ કરો છો ?' કારણ કે એક સત્ય જ શક્તિ આપે છે, સત્ય જ જીવન આપે છે. સત્ય પ્રત્યે અભિમુખ થવાથી જ આપણે બળવાન બનીશું. બળવાન બન્યા વિના સત્યને કોઈ પ્રાપ્ત કરી શકશે નહીં. આથી જે વિચાર પદ્ધતિ મનને નબળું પાડે, માણસને વહેમી બનાવે, માણસને સોગિયો બનાવે, તેનામાં રહસ્યો ને વહેમોની ઈચ્છા ઊભી કરે, તે સ્વામીજીને પસંદ નથી. કારણ કે તેની અસર જોખમકારક છે. આવી વિચાર પદ્ધતિઓ કદીએ સારું પરિણામ નથી લાવતી. આવી બાબતો મનમાં રોગ ઉત્પન્ન કરે છે, તેને નબળું પાડી દે છે, એટલું બધું નબળું પાડી દે છે કે સમય જતાં તેનાથી સત્યને ગ્રહણ કરવું કે તે અનુસાર જીવન જીવવાનું લગભગ અશક્ય થઈ જાય છે. તેથી એકમાત્ર આવશ્યક વસ્તુ છે શક્તિ.

મારા નસીબ માટે હું પોતે જ જવાબદાર છું. મારું ભલું કરનારો હું પોતે જ છું. મારું બુરું કરનારો પણ હું પોતે જ છું. પવિત્ર અને કલ્યાણમય હું જ છું. આની વિરુદ્ધના બધા વિચારોનો અસ્વીકાર કરવો જોઈએ. લક્ષ્ય સુધી પહોંચવાનો એકમાત્ર માર્ગ આ જ છે, કે પોતાન ીજાતને તથા બીજા સર્વ કોઈને કહેવું કે આપણે દિવ્ય છીએ. જેમ જેમ આપણે આનું રટણ કરતાં જઈશું તેમ તેમ શક્તિ આવતી જશે. પ્રથમ જે લથડિયાં ખાતો હશે તે વધુ ને વધુ બળવાન બનતો જશે; અવાજનું જોર વધશે ને અંતે સત્ય આપણા હૃદયનો કબજો લઈ લેશે, આપણી નાડીઓમાં સત્ય વહેવા લાગશે, આપણાં શરીરોમાં સત્ય ઓતપ્રોત થઈ જશે.

# જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસિએશન દ્વારા તાજેતરમાં જિલ્લાકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લાકક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના ૬ ખેલાડીઓએ ગોલ્ડ મેડલ, ૮ વિદ્યાર્થીઓએ સિલ્વર મેડલ અને ૮ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જિલ્લા ફેન્સીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના દિપેન્દ્ર નિનામા, દર્શના નિનામા, અમર ઠાકોર, પ્રિયદર્શી દીર્ધા, કિસોરી કેના અને મિતેષ યાદવે ગોલ્ડ મેડલ તથા આશિષ સાકરિયા, સુરેખા નિનામા, ક્રિષ્ના ચૌહાણ, ભૂમિ ચૌહાણ, પાર્વતી ઠાકોર, મનિષ યાદવ, યુવરાજ વાઘેલા અને કરણ દેસાઈએ સિલ્વર મેડલ તથા અપૂર્વ રાવલ, સતીષ પટેલ, પ્રશાંત વાઘેલા, ડિમ્પલ પટ્ટણી, મિત્તલ ચાવડા, મયુરિકા શ્રીમાળી, જયવીર વાઘેલા અને હર્ષસોલંકીએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી આચાર્યા સ્વાતિબા રાઓલ તથા ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ એન્ડ કોલેજ એર વેપન શૂટીંગ ચેમ્પિયનશીપ ૯મીએ

## ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોને ૬ સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશપત્રો ભરવા સૂચના

ગાંધીનગર, તા. ૩

ગુજરાતનાં શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને નાગરિકો રાઈફલ, પિસ્તોલ શુટીંગમાં આગળ વધે અને રમતનો વિકાસ થાય તેને ધ્યાનમાં રાખી ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ એન્ડ ઈન્ટર કોલેજ એર વેપન શુટીંગ એર ચેમ્પિયનશીપ ૨૦૧૨ નવા અને રાજ્ય કક્ષાના રમતવીરની જુદી જુદી શુટીંગ સ્પર્ધા તા. ૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે.

ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ તથા ઈન્ટર કોલેજ એર વેપન શુટીંગ એર ચેમ્પિયનશીપમાં જોડાવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૬ સપ્ટેમ્બર-૨૦૧૨ સુધીમાં પ્રવેશપત્ર ભરીને રાઈફલ ક્લબ ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન ખાનપુર, અમદાવાદ ખાતે સવારે ૧૦ થી સાંજે ૭ કલાક સુધીમાં આપવાનું રહેશે.

આ સ્પર્ધા ૧૨ થી ૧૫ વર્ગ, ૧૬ થી ૧૮ વર્ષ સબ જુનિયર, ૧૯ થી ૨૧ વર્ષ જુનિયર, વ્યક્તિગત, ૬૦ વર્ષથી મોટા સિનિયર સિટીઝન તથા સ્કાઉટ, એન.સી.સી. હોમગાર્ડઝ હેન્ડીકેપની પણ અલગ અલગ વિભાગની વ્યક્તિગત અને ટીમ વિભાગની મેચ યોજાશે. સ્પર્ધામાં રમતવીરોને એર રાઈફલ તેનો પેલેટસ ટારગેટ વગેરે સંસ્થા તરફથી આપવામાં આવશે. દરેક રમતવીરોને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે.

# લોક રક્ષકની પરીક્ષા આપવા યુવાન એમ્બ્યુલન્સમાં શાળાએ પહોંચ્યો

અમદાવાદ, તા.૩

''હિંમતે મર્દા તો મદદે ખુદા'' આ કહેવતને યથાર્થ ઠેરવતી એક ચોકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ઝેરીજંતુ કરડવાથી ૨૦ દિવસથી એક યુવાન હોસ્પિટલના બીછાને પડ્યો હતો અને બીજી તરફ પોલીસમાં ભરથી થવાનું પોતાનું સપનું સાકાર કરવા માટે લોકરક્ષક જવાનની પરીક્ષા સામે આવીને ઊભી હતી. એક સમયે યુવાન હિંમત હારી ગયો. પણ પરિવારજનોએ અને તંત્રએ તેને પુરો સહકાર આપ્યો અને અંતે ગઈ કાલે સવારે યુવાન સિવિલ હોસ્પિટલમાંથી જ સ્ટ્રેચર સાથે એમ્બ્યુલન્સમાં પરીક્ષા આપવા નરોડાની શાળામાં પહોંચ્યો હતો. ત્યારે હાજર સ્ટાફ અને અન્ય પરીક્ષા આપવા આવેલા યુવાનો પણ આ યુવાનની હિંમત જોઈ રીતસરદંગ રહી ગયા હતા. વિગતએવી છે કે વિરમગામના મેરગામે ૨૧ વર્ષીય બાબુનારણભાઈ મકવાણા પોતાના પરિવાર સાથે રહે છે. બાબુના મોટાબહેન મધુબેન રેલવે પોલીસ ફોર્સમાં ફરજ બજાવે છે. જેથી બાબુએ પણ પોતે એક પોલીસ કર્મી બનવાનું સપનું જોયું હતું અને તેણે લોકરક્ષક જવાન તરીકેની શારીરિક પરીક્ષા આપી હતી. જેમાં તે પાસ પણ થઈ ગયો હતો અને માત્ર લેખીત પરીક્ષા બાકી હતી. દરમ્યાનમાં બાબુને ગત તા.૧૧ ઓગષ્ટના રોજ પોતાના ઘરે કોઈ ઝેરી જતું કરડી ગયું હતું જેથી તેનો પગ ખુબ જ સુજાઈ ગયો હતો અને બાદમાં તેને સિવિલ હોસ્પિટલના વોર્ડ એફ-૪માં તેને દાખલ કરાયો હતો. તેની હાલત એટલી કફોડી બની ગઈ હતી કે તે પલંગ પરથી ઊભો પણ થઈ શકતો ન હતો.

દરમ્યાનમાં તા. ૨ના રોજ રવિવારે ભરતી બોર્ડ દ્વારા પરીક્ષા હોવાનો અને તેનું પરીક્ષા સ્થળ વડોદરા હોવાનો પત્ર આવ્યો હતો. જેથી બાબુ ખુબ નીરાશ થઈ ગયો હતો. પરંતુ તેના મોટા બહેન મધુબેને તેને હિંમત દાખવી હતી અને કરાઈ ખાતે ભરતી બોર્ડના અતુલ કરવાલને રજૂઆત કરી હતી.

જેથી તેમણે તાત્કાલીક બાબુનું પરીક્ષાકેન્દ્ર બદલી નરોડાની શાળામાં કરી આપ્યું હતું. જેથી બાબુ ગઈકાલે સ્ટ્રેચર સાથે જ એમ્બ્યુલન્સમાં નરોડાની પરાગ સ્કૂલમાં પરીક્ષા આપવા પહોંચ્યો હતો અને સ્ટ્રેચરમાં જ પરીક્ષા આપી હતી.

# જગતનાં સંકટોમાં જિંદગાની લઈને આવ્યો છું ભર્યા છે કંટકો ત્યાં ફૂલદાની લઈને આવ્યો છું



### સંબંધ સજાવે જિંદગી

## મઘમઘતું દાંપત્ય

- પોપટલાલ એસ પ્રજાપતિ

gsrelation@yahoo.com

દૃષ્ટિ વગરના માનવીને અંધકાર સાથે બાહ્ય ભીડવાની હોય છે પણ અંધકારને ઉજાસમાં પલટી નાખવાની ખુમારી ધરાવનાર વ્યક્તિઓ જીવનને એવું સંગીન રીતે જીવી જાણે છે કે અન્ય નોર્મલ દંપતિઓને પણ તેમાંથી પ્રેરણા લેવાનું મન થાય.

આપણે ગયા અંકમાં લહેરચંદ મહેતા અને સુરેખાબેન પટેલના દામ્પત્ય જીવનની મધુર ગાથા વાંચેલી. બચપણમાં દૃષ્ટિ ગુમાવી ચુકેલ આ લહેરચંદ મહેતા એટલે અમદાવાદની અંધશાળામાં માધ્યમિક વિભાગમાં અંગ્રેજી શિક્ષક તરીકે ફરજ બજાવતા અને સેકટર-૨૨, શ્રેયસ સોસાયટી, પ્રમુખ વિહાર ફલેટમાં ૨૮૩ નંબરના મકાનમાં રહેતા એક ખુદ્દાર માનવી. પણ ખુદ્દારી એટલે અહમ્ કે અકડાઈ નહિ. પરિવારમાં પોતાનો જ કક્કો ખરો કરાવવાની જીદ નહીં. પણ તેમના કહેવા મુજબ 'અમારે પતિ-પત્નિ વચ્ચે કયારેક વૈચારિક મતભેદ થાય પણ એ મતભેદ એ વિષય પુરતો જ હોય. પછી એનો કોઈ ડંખ કોઈનાય મનમાં રહે નહિ. આવા પ્રસંગોમાં મોટે ભાગે મારા પત્નિ જ વાતને વાળી લે. વાતાવરણને જરાય કલુષિત ન થવા દે.' લહેરચંદ અમુક બાબતોમાં નિયમિતતા અને ચોક્કસાઈના આગ્રહી હોવાને કારણે દિકરા સાથે કોઈવાર વિવાદ થાય પણ અંતે તો દિકરો જ એમની વાતનો સ્વીકાર કરી લે પપ્પા સૉરી કહીને. દિકરી ઝરમરને પપ્પા ઉપર એટલી લાગણી કે પપ્પાને મનદુખ થાય તેવું વર્તન કોઈને કરવા ન દે. ક્યારેક ભાઈને પણ ઠપકો આપે કે પપ્પાની વાત હંમેશા સાચી જ હોય છે. આમ તેમના પરિવારના વાતાવરણને દિકરી ઝરમર હંમેશા મહેકતુ રાખે. લહેરચંદને ત્રણ દિકરીઓ સિદ્ધિ, ખુશ્બુ અને ઝરમર. રિદ્ધિ ન્યુઝીલેન્ડમાં પતિ સાથે રહે છે અને ખુશ્બુ મસ્કત(ઓમાન)માં ટ્રાવેલીંગના બિઝનેશમાં વ્યસ્ત છે. બંને દિકરીઓનું અંગ્રેજી એટલું પાવર ફુલ છે કે બંને ઓકસફર્ડ યુનિવર્સિટીની સ્ટુડન્ટ હોય તેવું લાગે. તેમની અંગ્રેજી વાકછટ્ટા પપ્પાના પ્રયત્નોને આભારી છે. દિકરીઓ અવાર નવાર ફોન પર પપ્પા-મમ્મીના ખબર અંતર પૂછે. મમ્મી સુરેખાબેન તો બે વખત ન્યૂઝીલેન્ડ જઈ આવ્યા છે પણ લહેરચંદ કહે છે મારી નાની દિકરી ઝરમરને મુકી હું ક્યાંય ન જાઉં. એ તો મારા હૃદયની ધડકન છે. એની હાજરી મારા જીવનમાં પ્રાણવાયુનું કામ કરે છે. લહેરચંદ મહેતા તેમના વિદ્યાર્થીઓમાં પણ ખૂબ જ પ્રિય છે. કેટલાક પાઠને નાટકીય અંદાજમાં હસી મજાક સાથે ભણાવવાની એમની વિશિષ્ઠ શૈલિથી પ્રભાવિત થઈ વિદ્યાર્થીઓ તેમના વર્ગમાં અચુક હાજરી આપે છે. તેઓ ૩૧ ઑક્ટો. ૨૦૧૨માં નિવૃત્ત થવાના છે.

વિદ્યાર્થીઓ તેમના ભવ્ય વિદાયની અત્યારથી તૈયારીઓ કરવા લાગ્યા છે. બચપણથી ઉચ્ચ શૈક્ષણિક કારર્કિદી ધરાવતા મહેતા સાહેબ ધોરણ-૧ થી એસ.એસ.સી. સુધી કલાસમાં હંમેશા પ્રથમ નંબરે જ રહ્યા છે. કદી બીજો નંબર પણ નહિ. વકૃતત્વ સ્પર્ધા, નાટ્યસ્પર્ધા, ડિબેટ, કિવઝ, દરેક સ્પર્ધામાં તેઓ હંમેશા અવ્વલ રહ્યા છે. તેમના હાથ નીચે ભણેલા ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રોફેસર બન્યા છે તે પણ નોર્મલ સ્કુલ- કોલેજમાં તેઓ નોર્મલ વ્યક્તિની જેમ જ મોબાઈલનો ઉપયોગ કરે છે. મોબાઈલમાં ટોકીંગ, સોફટવેર નંખાયેલું છે જેથી એસએમએસ કરવા, એસએમએસ વાંચવા, નંબર સેવ કરવા બધી જ પ્રકિયા નોર્મલ રીતે. પુસ્તકો વાંચવાનો શોખ પણ ખરો. પુસ્તકો બીજા પાસે વંચાવી તેની સીડી તૈયાર કરાવી સાંભળે અને મુદ્દા બ્રેઈન લીપીમાં લખી તે યાદ રાખી લે. ખરીદી કરવા પત્નિ સાથે પણ જવાનું. દુકાનદાર વસ્તુના ભાવ બોલે, પત્નિ ખરીરી કરતી જાય અને દુકાનદાર કેલ્ક્યુલેટર પર સરવાળો કરે તે પહેલાં લહેરચંદ ટોટલ કરીને કુલ રૂા. આપી દે.

આવું કોમ્પ્યુટર માઈન્ડ દરરોજ સવારે વહેલાં ઉઠી પત્નિ સાથે મોર્નિંગ વૉક કરવા જવું. પછી સ્નાન ક્રિયા પતાવી અડધો કલાક પ્રભુ પ્રાર્થના, બ્રેક ફાસ્ટ અને નવ વાગે બસ પકડી અમદાવાદ નોકરી પર હાજર. સાંજે ૬ વાગે આવીને ટ્યુશન કલાસ. રાત્રે જમ્યા પછી પરિવાર સાથે કૌટુંબિક પ્રશ્નોની ચર્ચા અને સમજણ ભર્યા ઉકેલ માટે મથામણ. તેમનો પરીવાર અત્યંત સુખી અને સંસ્કારી. તેમના કુટુંબમાં તેમના અભિપ્રાયનું વજન પડે. તેઓ કહે છે માનવીએ ભૂતકાળને ભુલી વર્તમાનમાં જીવતા શીખવું જોઈએ. ભૂતકાળના ભય અને ભવિષ્યની ચિંતામાં વર્તમાનને કલુષિત કરી વર્તમાન વેડફાઈ ન જાય તેનો ખ્યાલ રાખવો જોઈએ.